## પોલીસ ભરતીમાં ચાલી રહેલ શારીરીક ક્ષમતા કસોટી અંગે જરૂરી વધુ સુચનાઓ નીચે મુજબ છે.

ગુજરાત રાજયમાં પોલીસના વિવિધ સંવર્ગ માટે ભરતીની પ્રક્રિયા પો.સ.ઇ./પો.કો. ભરતી બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ભરતીના પ્રથમ તબકકામાં શારીરીક ક્ષમતા કસોટી ગુજરાતમાં જુદા-જુદા જીલ્લામાં કુલ ૧૨ (બાર) કેન્દ્રો ઉપર તા.૧૮/૦૧/૨૦૧૨ થી શરૂ કરવામાં આવેલ છે. આ ભરતી પ્રક્રિયા તા.૨૯/૦૨/૨૦૧૨ સુધી ચાલુ રહેનાર છે. ભરતી પ્રક્રિયા અતિ આધુનિક યંત્રો જેવા કે સી.સી.ટી.વી., આર.એફ.આઇ.ડી.ના મદદથી પારદર્શિક તથા નિર્વિઘ્ન થાય તે માટે ભરતી બોર્ડ દ્વારા પુરતા પ્રયાસો કરવામાં આવેલ છે. તે છતાં અમુક અસામાજીક તત્વો આ ભરતી પ્રક્રિયા દરમ્યાન વિવીધ આયોજનો થી પોતાના સ્વાર્થ ખાતર ગેરલાભ ઉઠાવવાના પ્રયાસો કરતા હોય છે. તો આ ભરતી સંબંધમાં છેતરપીંડી કે ગેરરીતી આચરે તેવા અસામાજીક તત્વો થી જાહેર જનતાને ચેતતા રહેવા સાવધાન કરવામાં આવે છે. આવી કોઇપણ પ્રવૃતિ દયાનમાં આવે તો તુરત જ ભરતી બોર્ડને નીચેના ટેલીફોન નંબરો, ફેકસ નંબર, ઇ-મેઇલ અથવા સરનામાં ઉપર સંપર્ક કરવા સુચિત કરવામાં આવે છે.

વધુમાં જે કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે ભૂલથી પુરૂષ ની જગ્યા એ મહિલા દર્શાવેલ હોય અને મહિલાની જગ્યાએ પુરૂષ દર્શાવેલ હોય તો આવા ઉમેદવારોએ નીચે જણાવેલ ફેકસ નંબર અથવા ઇ-મેઇલ ઉપર શારીરીક ક્ષમતાકસોટીનીતારીખ બદલવા અરજી કરવા અંગે સુચિત કરવામાં આવે છે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ટેલીફોન નંબર ઉપર સંપર્ક કરવો.

ટેલીફોન નંબરોઃ (૧) ૮૭૫૮૮ ૭૭૮૩૩ (૨) ૮૭૫૮૯ ૯૯૪૭૭

ફેકસ નંબરઃ ૦૭૯-૨૫૬૨૦૫૮૮

ઇ-મેઇલઃ (૧) **gujpsipcrecruitment2012@gmail.com**

(૨) **gujpsipcrecruitment2012@yahoo.com**